Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

# પરમાર રાજવંશનો ઈતિહાસ (ઉત્પતિ, શાસન, મહાન રાજાઓ, અને પતન)

**Mr. Pratapsinh Ranaji Venziya**
(B.A., M.A., M.Phil. With History)
Ph.D. Research Scholar in History
H. N. G. University, Patan
Email ID: prince24193@gmail.com

## સારાંશ

રાજપુતાના ઈતિહાસમાં પરમાર રાજવંશ એ વિશાળ સામ્રજય અને સાંસ્કૃતિક વિકાશમાં સિધ્ધિ મેળવેલ જોવા મળે છે. પરમાર રાજવંશની ઉત્પતિ માટે અનેક તર્ક–વિતર્ક જોવા મળે છે. જેનું સ્પષ્ટીકરણ કરવાનો પણ અહિંયા પ્રયાસ કરવામાં આવેલ છે. પરમાર રાજવંશે અગ્નિવંશના રાજપુતોમાં સર્વસ્વ અને વિશાળ રાજપાટ ભોગવેલ જોવા મળે છે. મહાન રાજા ભોજના રાજકીય ક્ષેત્ર, આર્થિક ક્ષેત્રે, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રમાં મહત્વનું યોગદાન આપેલ જોવા મળે છે. સાથે મહાન રાજા વિક્રમાદિત્યની વિજયગાથાને પણ ભુલી શકાય નહિ. તેમજ આ રાજવંશના મહાન રાજાઓમાં ઉપેન્દ્રથી શરૂઆત થાય છે ને સિયક, વાકપતિ મુંજ, વૈરીસિંહ વગેરેનો સમાવેશ થાય છે. મેં મારા આ સંશોધનપત્રમાં **"પરમાર રાજવંશનો ઈતિહાસ** (ઉત્પતિ, શાસન, મહાન રાજાઓ, અને પતન)"ને રજુ કરવાનો પ્રયાસ કરેલ છે.

**કી–શબ્દ :** પરમાર રાજવંશ, પરમાર રાજા ભોજ

## પરમાર રાજવંશની ઉત્પતિ અને શાસન

ભારતના ઈતિહાસમાં પરમાર રાજવંશે મહત્વની અને આગવી ભૂમિકા ભજવેલી જોવા મળે છે. પરમાર રાજવંશ વિશે અનેક ટીક્કા અને ટીપણીઓ થયેલી આપણને જોવા મળે છે. પણ આપણે ઐતિહાસીક અધ્યયન કરવા જઈએ તો પરમારો વિશેનો મૂળભુત ખ્યાલ આપણને જાણવા મળે છે.

પ્રાચીન અવશેષો અને શિલાલેખો તેમજ ઐતિહાસીક પ્રમાણોના આધારે પરમાર વંશ એ અગ્નિવંશીય રાજવંશ હોવાનુ યથાર્થ થતુ જોવા મળે છે. તમામ બાબતોનું અધ્યયન કરતા પરમારોની ઉત્પતિ માટે વશિષ્ટ ઋષિના તપના પ્રભાવથી એમણે કરેલા યજ્ઞના અગ્નિકુંડ માંથી ઉત્પન થયાની પ્રાચીન કથા મુખ્યત્વે શિલાલેખોમાં તેમજ અન્ય કથનોમાં જોવા મળે છે. ડો.દશરથ શર્મા કહે છે કે, 'કોઈ અન્ય વંશને અગ્નિવંશના માનવા કે નહિ, પરંતુ પરમારોને અગ્નિવંશીય માનવામાં કોઈ આપતી હોવી જોઈએ નહિ.' વસંતગઢ, ઉદયપુર, નાગપુર, હરથળ, દેલવાડા, પાટનારાયણ, અચલેશ્વર, વગેરે સ્થળોએથી પ્રાપ્ત થયેલા અવશેષોના આધારે ઉપરોકત બાબત યથાર્થ થાય છે. પરમારોની ઉત્પતિ અને અગ્નિવંશ હોવા માટેના કથનો રજુ કરવાનો હું પ્રયત્ન કરી રહ્યો છુ.

પરમાર રાજવંશની ઉત્તપતિની હર એક કથનમાં એક સામાન્ય વિશેષતા અને કથનોમાં સમાનતા જોવા મળતી હતી. મોટા પ્રમાણમાં પરમારોની શાખાને અગ્નિવંશીય હોવાનું સમર્થન મળતું જોવા મળે છે. અને તદઉપરાંત વિશેષતા એ જોવા મળે છે કે માટા ભાગે વશિષ્ટ ઋષિના અગ્નિકુંડના કથનનું વર્ણન પણ જોવા મળે છે.

પરમાર રાજા ભોજના પિતા સિંધુરાજના સમયમાં સમકાલિન કવિશ્રી પદ્મગુપ્ત રચિત 'નવસાહાસાંકચરિત્ર' માં પરમાર વંશની ઉત્પતિ વિશેનું વર્ણન કરવામાં આવેલ છે. કવિશ્રી પદ્મગુપ્ત 'નવસાહાસાંકચરિત્ર'માં વર્ણન કરતાં કહે છે કે, 'બ્રહ્માંડના મંડળોના

સ્તંભોની સમાન અર્બુદાચલ (વર્તમાન માઉન્ટ આબુ) પર્વત છે. આ પવિત્ર ભૂમિ પર ઈશ્વાકુ વંશના રાજપુરોહિત વશિષ્ટ ઋષિની તપો ભૂમિ છે.' ત્યાર બાદ પરમારો વિશે ખ્યાલ પણ આપેલ જોવા મળે છે.

પરમારોની ઉત્પતિ માટેના પ્રાચીન અને ઐતિહાસીક સાધનો વસંતગઢ, અચલેશ્વર, ઉદયપુર, નાગપુર, અપૂર્ણા, પાટનારાયણ, વગેરે સ્થળોએથી મળી આવેલ સાધનોથી માહિતીઓ પ્રાપ્ત થતી જોવા મળે છે. અકબરનામા અને આઈને અકબરીમાં પણ પ્રખ્યાત મુસ્લીમ લેખક અબુલ ફઝલે પણ પરમારોની ઉત્પતિ વિશે વર્ણન કરેલ જોવા મળે છે.

અબુલ ફઝલના વર્ણનમાં પણ પરમરોને અગ્નિવંશના ગણવામાં આવે છે. અબુલ ફઝલના કહ્યા અનુસાર ઈલાહિ સંવત ૨૩૫૦ વર્ષ પહેલાં અર્થાત વિ.સં.૮૧૮માં (ઈ.સ.૭૬૨) મહાબાહું નામના કોઈ ઋષિએ પોતાના આશ્રમના અગ્નિશાળામાં આહુતિઓ આપી તપસ્યા કરતા હતા. બૌધ્ધ ધર્મના અનુયાયીઓ રાજાના સંપર્ક થકી આ તપસ્યામાં અડચણો ઉભી કરતા હતા. પરિણામે લોકોએ ભગવાનની પાસે યાચના કરી અને ભગવાન ખુશ થયા અને અગ્નિકુંડ માંથી એક માણીની ઉત્પતિ થઈ. જેણે અડચણોનો અંત લાવ્યો અને અગ્નિપૂજાની ફરી શરુઆત કરાવી હતી.[1]

'પૃથ્વીરાજરાસો'ના અનેક અનુવાદોમાં પણ ઉપરોકત બાબાતને સાર્થકતા જોવા મળે છે. 'પૃથ્વીરાજરાસો'ના નાગરી લિપિના લખાણમાં કેટલીક બાબતોના સંદર્ભોમાં આઈને અકબરી અને કેટલાક સંદર્ભોમાં પ્રાચીન શિલાલેખોના ઉલ્લેખનું વર્ણન કરવામાં આવેલ જોવા મળે છે. આ તમામ ઉલ્લેખોના અધારે એવુ કહી શકાય કે, આબુપર્વત પર અગ્નીકુંડ વડે પરમાર રાજવંશની ઉત્પતિ થઈ હોવી જોઈએ. મુખ્યત્વે તમામ જગ્યાઓએ અને ઐતિહાસીક અધ્યયનો અને સાધનો પણ એજ દિશા તરફ વર્ણન કરતા જોવા મળે છે.

અર્બુદાચલ પર્વત ( વર્તમાન માઉન્ટઆબુ)પર ઋષિમુનિઓ દ્વારા યજ્ઞ હોમ કરવામાં આવતા હતા. યજ્ઞોમાં અડચણો ઉભી કરતા વિધર્મીઓની સંખ્યામાં દિન–પ્રતિદિન વધારો થવા લાગ્યો હતો. આ તમામ વિધર્મીઓનો નાશ કરવા ઋષિ વશિષ્ટ[2] પોતાના તપોબળથી અગ્નીકુંડમાં આહુતિઓ આપી ચૌહાણ, પરિહાર, પરમાર, અને સોલંકી (ચોલુકય)ની ઉત્પન્ન કરવામાં આવ્યા હતા. પરંતું આ ચારેય વંશ વિશે વિશિષ્ટ માહિતીઓ મળતી નથી કે ચારેય અગ્નીવંશીય રાજવંશો છે. શિલાલેખોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોય ત્યાં બારોટોના લખાણમાં બારોટ કવિ ચંદ દ્વારા અલગ જ નોંધવામાં આવેલું જોવા મળે છે. અન્ય કોઈને અગ્નિવંશીય માનવા કે ન માનવા પરંતું પરમાર વંશને અગ્નીવંશ માનવામાં કોઈજ આપતી હોવી જોઈએ નહી. કેમ કે, આઈને અકબરીમાં અબુલ ફઝલ, નવસાહસાંક ચરિત્રમાં પદ્મગુપ્ત ઈત્યાદી સમકાલીન લેખકોએ પરમાર રાજવંશને અગ્નિવંશી જ હોવાનું દર્શાવેલ જોવા મળે છે.

ઉપરોકત બાબતો સિવાય પણ અનેક ઉલ્લેખો તથા કથનોમાં પરમારોની ઉત્પતિ વિશે વર્ણન કરવામાં આવેલ જોવા મળે છે. એવામાં અનેક પ્રાચીન અને હિન્દુ ધર્મનું મહત્વનું મહાકાવ્ય રામાયણમાં બાળકાંડના ૫૪ અને ૫૫માં અધ્યાયમાં વિશ્વામિત્ર અને વશિષ્ટ ઋષિ પાસેથી કામધેનુ નામની ગાયનું હરણ કરી લે છે. વશિષ્ટ ઋષિ આ બાબતને લઈને ગુસ્સામાં આવી જાય છે અને અગ્નિ કુંડમાં આહુતીઓ આપવા લાગે છે. તેમના તપના પ્રભાવથી અગ્નિકુંડમાંથી ચાર વીર પુરૂષો ઉત્પન્ન થયા, જેમાં ક્રમશઃ ચૌહાણ, પરીહાર, પરમાર અને સોલંકી(ચોલુકય)નો ઉલ્લેખ થયેલ ધણી જગ્યાએ જોવા મળે છે.અર્થાત્ ઉપરોકત કથનમાં પણ પરમાર રાજવંશનો સમાવેશ થતો જોવા મળે છે.

---

[1] અબુલ ફઝલ રચિત આઈને અકબરીમાં જ મહાબાહું નામના ઋષિની વાત કરવામાં આવેલ છે. બાકી અન્યત્ર તમામ જગ્યાઓએ વશિષ્ટ ઋષિનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. તેના આધારે સાર્થક સ્વરૂપમાં કહી શકાય કે અબુલ ફઝલે મહાબાહું ઋષિ નામ વશિષ્ટને આપેલ હોવું જોઈએ.

[2] આઈને અકબરીમા જ મહાબાહું ઋષિના વર્ણનની વાત જોવા મળે છે.

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

## શરૂઆતના પરમાર વંશના શાસકો

અહિયા હું પરમાર વંશના શાસકો વિશેની ટૂંકમાં માહિતી આપવાનો પ્રયાસ કરી રહયો છું. પરમાર વંશમાં થયેલ મહાન રાજાઓ અને તેમણે કરેલા કાર્યોને હું અહિંયા રજુ કરવાનો પ્રયત્ન કરીશ. પરમારોનું મૂળ નિવાસ માળવા છે. અને ત્યાંની શાખા એ પરમારોની પ્રમુખ શાખા હોવાનું માનવામાં આવેલું છે. માળવાના પરમાર શાસકોએ પ્રાચીન ભારતના ઐતિહાસિક ઘટનાઓમાં મહત્વપૂર્ણ ભાગ ભવવેલો જોવા મળે છે. પરમારોને કયારેક માળવાપતિ કહેવામાં આવ્યા તો કયારેક અવંન્તી નરેશની ઉપાધિથી સન્માનીત કરવામાં આવેલા જોવા મળે છે. તેમની રાજધાનીઓમાં મુખ્યત્વે ઉજૈન અને ધારનગરીનો સમાવેશ થાય છે. તેમના રાજયોની સીમાઓ વિશે કહીએ તો ઉત્તરમાં વર્તમાન સમયનું કોટા અને બુંદીના રાજયો સુધી, પૂર્વમાં ભિલસા, હોસંગાબાદ અને સાગર જનપદના ભાગો સુધી તથા દક્ષિણમાં ગોદાવરી નદી અને ખનદેશના પ્રદેશ સુધી અને પશ્ચિમમાં મહિ નદી સુધી સામ્રાજય વિસ્તાર જોવા મળે છે.[3]

**ઉપેન્દ્ર (ઈ.સ. ૮૦૦ થી ૮૧૮)** : પરમાર રાજવંશમાં પ્રથમ રાજાના નામોમાં ઉપેન્દ્ર નામક રાજાથી પરમારરાજવંશની ઉત્પતિની શરૂઆત થયેલ જોવા મળે છે.[4] 'ઉદયપુર પ્રશસ્તિ' અને 'નવસાહાસાંકચરિત્ર' બન્નેમાં રાજા ઉપેન્દ્ર પ્રથમ પ્રતાપી રાજા હોવાનું ઉલ્લેખવામાં આવેલુ જોવા મળે છે. તેમજ હોમ હવન કરવામાં આગવું સ્થાન ધરાવતો હતો.[5] અને સીતાના ગીતમાં આ કથનો જોવા મળતા હતા. ''પ્રબંધચિંતામણી''ના કથન અનુસાર રાજા ભોજના દરબારમાં સીતા નામની એક કવિયત્રી હતી. એવું પણ હોઈ શકે છે કે, નવસાહાસાંકચરિત્રમાં કવિયત્રીએ રાજા ઉપેન્દ્રની પ્રતિષ્ઠાની રચના ગીતો સ્વરૂપે કરેલ હશે. માળવાના શાસકોની 'ઉદયપુર પ્રશસ્તિ' આપણને ભીંતી કરાવે છે કે, ઉપેન્દ્ર પછી વૈરીસિંહ પ્રથમ , સીઅક પ્રથમ અને વાકપતિ મુંજ ગાદી પર આવે છે. અને પદ્મગુપ્તે, વૈરીસિંહ, સીઅક પ્રથમ, ના નામોને સ્પષ્ટ રૂપમાં આલેખેલ જોવા મળતા નથી. અને ઉપેન્દ્ર અને વાકપતિના વચ્ચેના સમયમાં અનેક શાસકોએ શાસન કર્યુ હશે.[6] તમામ ઐતિહાસીક અધ્યયનો કર્યા પછી જોવા મળે છે કે, ઉપેન્દ્ર રાજાના શાસનનો સમય ઈ.સ.૯૦૯–૯૧૦ હતો. અને 'પ્રબંધચિંતામણી'ના અનુસાર ૨૭ વર્ષ શાસન કર્યુ હતું.

**વૈરીસિંહ પ્રથમ** (ઈ.સ. ૮૧૮ થી ૮૪૩) : રાજા ઉપેન્દ્રના શાસનની સમાપ્તિ થયા બાદ વૈરીસિંહ ગાદી પર આવે છે. વૈરીસિંહ પ્રથમ લગભગ ઈ.સ.૯૩૬માં સિંહાસન પર આવ્યો હોવાનું જોવા મળે છે. કર સંગ્રહ અને સીમાઓના રક્ષણ માટે આ રાજાએ આગવું સ્થાન ભજવ્યુ હતું. વૈરીસિહ વિશે વિશિષ્ટ માહિતીઓ મળતી નથી. ઈ.સ.૯૬૩માં સીઅક પ્રથમ ગાદી પર આવે છે.[7]

**સીઅક પ્રથમ** (ઈ.સ. ૮૪૩ થી ૮૯૩) : સીઅક પ્રથમ વિશે ઐતિહાસીક માહિતી પ્રાપ્ત થતી નથી.પણ કહેવામાં આવે એ પ્રમાણે અનેક વિજયો હાસલ કર્યા હતા. એના ઉત્તરાધિકારીમાં વાકપતિ પ્રથમ ઈ.સ.૯૯૦માં લગભગ આવે છે.[8]

**વાકપતિ પ્રથમ** (ઈ.સ. ૮૯૩ થી ૯૧૮) : વાકપતિ પ્રથમ વિશે ઉદયપુર પ્રશસતિના શ્લોક નં.૧૦માં કહેવામાં આવેલ છે કે, અવંતીની રાજકન્યાઓના નેત્રો સૂર્યની સમકક્ષ હતા. જેનાથી કહી શકાય કે, વાકપતિ પ્રથમનું આ ક્ષેત્ર ઉપર આધિપત્ય હોવું

[3] પ.રા.ઈ પૃ.૧૯
[4] જુઓ પરિરિષ્ટ–૧ (પરમાર વંશાવળી)
[5] પ.રા.ઈ. પૃ.૨૦
[6] तस्मिन् गते नरेंदेषु तदन्येषु गतेषु च ।
तत्र वाक्पति राजराव्य : पार्थिवेन्दर अजायत ।। (નવસાહાસાંકચરિત્ર, સર્ગ–૧૧, શ્લોક ૯૦)
પદ્મગુપ્ત માળવાના પ્રસિધ્ધ પરમાર વંશના પ્રાચીનતમ ઈતિહાસના લેખકોમાં મહત્વનું સ્થાન ધરાવે છે.
[7] પ.રા.ઈ. પૃ.૨૨
[8] એંજન પૃ.૨૨

જોઈએ. અને કવિઓ દ્વારા કહેવામાં આવેલ છે કે તેની સેનાએ ગંગા અને સમુદ્રનું પાણી પીધેલું છે. જે તેની સેના અને તેના માટે પ્રશંસા કરતાં કહેલું જોવા મળતું હશે.[9]

**વૈરીસિંહ દ્વિતિય (ઈ.સ. ૯૧૮ થી ૯૪૮) :** વાકપતિ પ્રથમનું શાસન ઈ.સ.૯૧૭–૧૯ આસપાસ થયા હોવાના પુરાવાઓ જોવા મળે છે. જયારે તેના પુત્ર વૈરીસિંહ દ્વિતિયના શાસન ગ્રહણ કર્યુ જેને વજતના નામે ઓળખવામાં આવે છે. કનોજના પ્રતિહારોના હાથે પરમાર રાજયોનું પતન થયું હતું. વૈરીસિંહે પોતના પરાક્રમ દ્વારા લોકોનો વિશ્વાસ જીત્યો હતો.[10]

**હુંણો સાથે યુધ્ધ :** પરમાર શાસનમાં સીઅકે હુણ રાજકુમારના વિરોધમાં ઉત્તર –પશ્ચિમમાં અભિયાન શરૂ કર્યુ. સૌરાષ્ટ્રના યોગરાજના પિતા બળવર્મનનો હુણ રાજકુમાર જજ્જપને યુધ્ધમાં હરાવ્યો અને યુધ્ધ દરમિયાન હત્યા કરી હતી. 'નવસાહસાંકચરીત્ર'ના વર્ણન અનુંસાર સીઅકે રાજકુમારની હત્યા કરી વિધવાઓ માટે રહેવાની જગ્યા બનાવી નાખી હતી. દશમી સદીના અંત સુધી પણ હુણો સાથેના યુધ્ધોનો અંત આવ્યો ન હતો.[11]

**ચંદેલો સાથેનું યુધ્ધ :** જેજામભૂકિતના ચંદેલોએ આ સમયમાં લગભગ રાજસ્થાનના ભિલસા સુધીના વિસ્તાર પર આધિપત્ય જમાવી લીધું હતું. 'ખજુરાહોના ઉત્તકીર્ણ' લેખો અનુસાર ચંદેલોનું રાજય માલવનદીના તટ સુધી વિસ્તૃત હતું. સીઅકે ચંદેલો પર આક્રમણ કર્યુ. પણ ચંદેલ યશોવર્માએ સામનો કરી જીત હાંસલ કર્યાનો ઉલ્લેખ ખજુરાહોના ઉત્તકીર્ણ લેખમાં જોવા મળે છે. (ઈ.સ.૯૨૫–૯૫૦)[12]

ઉપરોકત તમામ ઐતિહાસીક બાબતોનું અધ્યયન કરવા જતાં આપણને જાણવા મળે છે કે, સીઅકે પરમાર રાજયના પરમ પ્રતાપી અને ચક્રવર્તી રાજાઓમાં સ્થાન મેળવનાર રાજા હતો. અને પદ્મગુપ્તના લખાણ અનુસાર સીઅકે પોતાનું રાજય તેના ઉત્તરાધિકારી વાકપતિને સોંપીને ઋષિમુનિ બની તપસ્યા કર્યાનું વર્ણન કરેલ જોવા મળે છે.[13]

## પરમાર રાજવંશના મહાન રાજાઓ

પરમાર રાજવંશ એ ભારતના રાજપૂત રાજવંશોમાંના મૂળ ભારતીય રાજવંશ છે. પરમાર વંશને હું અહિંયા મારા શબ્દોમાં રજુ કરવા જઈ રહ્યો છું. અને અહિંયા આપેલ વર્ણન સંક્ષિપ્તમાં છે. જેથી મારા લઘુશોધ નિબંધની મૂળ વાતમાં આ જ કેટલીક બાબતો પ્રકાશ પાડવાનું કામ કરતી જોવા મળે છે.

**વાકપતિ દ્વિતિય અને સિંધુરાજ :** વાકપતિ મુંજ ઈ.સ. ૯૭૩થી ૯૯૫ના સમયમાં પરમાર રાજયોની ગાદીમાં શોભાયમાન હતા. વાકપતિ મુંજે રાજા સિયકના દત્તક પુત્ર અને ઉત્તરાધિકારી હતા. વાકપતિ મુંજે કલચુરી શાસક યુવરાજ બીજા અને ચોલુકય રાજ તૈલપને યુધ્ધમાં પરાજીત કર્યા હતા. તૈલપને વાકપતિ મુંજે અંદાજીત ૧૬ (સોળ) વાર હરાવ્યો હતો. અને સત્તરમી વખત યુધ્ધમાં બંધી બનાવીને હત્યા કરી નાખી હતી. જે વાતનો ઉલ્લેખ અભિલેખો અને આઈને અકબરીમાં જોવા મળે છે.[14]

---

9 એંજન પૃ.૨૨–૨૩

10 એંજન પૃ.૨૩–૨૮

11 अक्रमण अकेयूरम अनूपुरम अमेंखलम |
हुणावरोध वैध्वय-दीक्षा-दान व्यधत य: || (નવસાહાસાંકચરિત્ર, સર્ગ–૧૧, શ્લોક ૯૦)

12 પ.રા.ઈ.પૃ.૨૯

13 वशीकृताक्षमालो य: क्षमाम अत्यायताम दधन |
राजाश्रमं अलमचक्रे राजर्षि कुश-चीवर : || (નવસાહાસાંકચરિત્ર, સર્ગ–૧૧, શ્લોક ૯૯)

14 પ.રા.ઈ. પૃ.૨૩

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

વાકપતિ દ્વિતિયએ પરમાર વંશનું ગૌરવ વધાર્યુ હતું. ‘શ્રીવલ્લભ’, ‘પૃથ્વી વલ્લભ’,‘અમોઘવર્ષ’ ઈત્યાદી ઉપાધિઓથી સંન્માનીત થયેલ જોવા મળે છે. કૌથેમ દાનપત્રના આધારે આપણને જાણવા મળે છે કે, તેને હુણોને પરાજીત પણ કર્યા હતા. વાકપતિ એ સફળ રાજાની સાથે સાથે કવિઓ અને વિદ્વાનોનો આશ્રય દાતા હતો. વાકપતિના સમયમાં ‘‘યશોરૂપાવલીક’’ના રચિયતા ધનિક ‘‘ ન્યાસાહાસકચચિત્ર’’ના મહાન લેખક કવિ પદ્મગુપ્ત ‘‘દશરૂપક’’ના લેખક ધનંજય ઈત્યાદી રહેતા હતા. અને આ તમામ વિદ્વાનોએ પોતાના સાહિત્યમાં પણ પરમાર વંશની ગૌરવભરી યાત્રાના દર્શન કરાવતા આપણને જોવા મળે છે.

વાકપતિ મુંજ પછી રાજયની ગાદી પર તેનો નાો ભાઈ સિંધુરાજ આવે છે. અને સિધુંરાજ કુમાર ‘નારાયણ’ અને ‘ સાહાસાંક’ની ઉપાધિ ધારણ કરે છે. વાકપતિ મુંજે ધારમાં પોતાના નામથી મુંજ સાગર નામનું તળાવનું નિર્માણ કરાવે છે. ઉપરોકત બાબતોનું વર્ણન ‘‘નવસાહાસાંકચચિત્ર’’માં પદ્મગુપ્તે કરેલ જોવા મળે છે. તેમજ રાજા ભોજના શિલા લેખમાંથી માહિતી મળી આવે છે.[15]

સિંધુરાજે ૧૦મી સદીના પરમાર વંશના એક ભારતીય રાજા અને મહાન પરમાર શાસક ભોજના પિતા હતા. સિંધુરાજના વિષયની ઐતિહાસીક માહિતી ‘‘નવસાહાસાંકચચિત્ર’’માં પદ્મગુપ્તે કરેલ જોવા મળે છે. તેમજ રાજા ભોજના શિલા લેખોમાંથી માહિતી મળી આવે છે.

**હુણો સાથે યુધ્ધ :** ઐતિહાસીક અવલોકનોના આધારે સિંધુંરાજે પોતાના પૂર્વજોની માફકજ કાર્ય કરેલ જોવા મળેલ છે. હુણો વિરુધ્ધ યુધ્ધમાં સિયકના રાજય શાસનકાળમાં સમાપ્ત થયું. ‘‘નવસાહાસાંકચચિત્ર’’[16]‘‘ઉદયપુર પ્રશસ્તિ’’[17] આ ઐતિહાસીક બાબતોનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. વાગડ પ્રદેશ (વર્તમાન બાસવાડા અને ડુંગરપુર)નો દક્ષિણી ભાગ એ પરમારોની શાખાનો હિસ્સો હતો. જેનો દક્ષિણી ભાગ ઐતિહાસીક અધ્યયનનાં આધારે કહી શકાય કે, ગોહિલો પાસેથી છીનવ્યો હશે. ‘‘નવસાહાસાંકચરિત્રમા’’[18] આ પ્રદેશના વિજયનું વર્ણન કરવામાં આવેલું છે.

**ગુજરાતના ચોલુકયો સાથેનું યુધ્ધ :** ગુજરાતના ચોલુકયો સાથે પણ સિંધુરાજે પોતાના અતિ વિજયી થવાના સાહસોના પરીણામે નજરમાં આવી ગયો. એ જ સમયે વાકપતિ મુંજે દક્ષિણ દિશામાં થતા અભિયાનમાં વ્યસ્ત હતાં. અને મુળરાજ સોલંકીએ આ તકનો ઉપયોગ કર્યો હતો. તેનું મૃત્યુ થયુ તે પહેલા મુળરાજ સોલંકી પોતાના રાજયની સીમાઓનો વિશાળ વ્યાપ કરી લીધો હતો. તેનો ઉત્તરાધિકારી ચામુંડરાજ ઈ.સ.૯૧૭ થી ૧૦૦૯માં યુવાવસ્થામાં જ લાટ પ્રદેશને જીતી ચૂકયો, જે સિંધુરાજનો સમકાલીન હતો. અને ચામુંડરાજે પરમારોને વિરતા પૂર્વક પરાસ્ત કર્યા હતા. કુમારપાળની વડનગર પ્રશસ્તિમાં[19] વર્ણન અનુસાર ચામુંડરાજની સેના જોઈને

15 ‘‘Malwa Trough The Ages (From The Earliest Time To 1305 A.D.)’’ Page-341

16 अपकर्तु अत्र समये त्वातभार मनसापि हुणनृपतिर न वाच्छाति |
इभ - कुंभ - भीति - दलनोधमे हरेर न कपि : कदाचन सरां विकर्षति ||
(નવસાહાસાંકચરિત્ર, સર્ગ–૧૧, શ્લોક ૧૪)

17 तस्थानुजो निर्ज्जित - हुणराज : श्री सिंधुराज : विजयारज्जित श्री :
(આવૃતિ પ્રથમ, પૃષ્ઠ ૨૩૬, શ્લોક ૧૬)

18 असिकान्ति - जाल - जटिलाग्र बहुना रण - सीम्नि नाथ निहतेषु भर्तृषु |
भावाताड़त्र वागड़ - वधु - जन : कृतो संधि विगृह-कथा पराड्मुख : ||
(નવસાહાસાંકચરિત્ર, સર્ગ–૧૦, શ્લોક ૧૪)

19 सुनुष तस्य बभूव भूप तिलकस चामुंडराज - आहयो पद - गंध - द्वीप - दान - गंध - पबना धाणन

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

સિંધુરાજ પોતાની હાથીઓની સેના લઈને કાયરતા પૂર્વક નાસી છૂટે છે. અને પોતે કરેલી કીર્તિ યશને આ કાર્યથી સમાપ્ત કરે છે. અને આના પરીણામે પરમારોના રાજય પર અસર પડી અને કેટલાક રાજયોને છોડવા પણ પડયા હતા.[20]

ઉપરોકત દર્શાવેલ તમામ બાબતોનું અધ્યયન કરવાથી કહી શકાય કે, વાકપતિ મુંજ અને સિંધુરાજે રાજસ્થાન અને ગુજરાતના કેટલાક પ્રદેશો તેમજ ઉજૈનમાં પણ પરમારની કીર્તિ ઉજળી બનાવી હતી. પરંતુ ગુજરાતના ચોલુકય રાજા ચામુંડરાજ સાથેની બે બાબતો પરાજય જોવા મળે છે. જેમાં એક બાબતમાં 'વડનગર પ્રશસ્તિ'માં કાયરતાના દર્શન કરાવે છે. જયારે જયસિંહની ચૌદમી સદીના ''કુમારચરિત''માં ચામુંડરાજના હાથે મૃત્યુ થયાનું સિંધુરાજ વિશે કહેવામાં આવેલ જોવા મળે છે.

આમ, પરમાર વંશના ગૌરવના ઈતિહાસનમાં સિંધુરાજ અને તેના મોટાભાઈ વાકપતિ મુંજનું નામ વિશિષ્ટ રીતે જોવા મળે છે. અને એમણે કરેલા યુધ્ધોમાં હુણો સાથેના યુધ્ધોની શરુઆત અને અંતમાં પણ વિજયી થાય છે. તેમના દરબારમાં વિદ્વાનો અને કવિઓનો આદર થતો જોવા મળતો હતો.

**મહાન રાજા ભોજ :** વાકપતિ દ્વિતિયના અવસાન બાદ તરત જ માળવાના સિંહાસન પર સિંધુરાજનો પુત્ર ભોજ ગાદી પર આવે છે.[21] રાજા ભોજના જન્મ પછી તેમના રાજ ગુરૂઓ દ્વારા જન્મ પત્રિકા બનાવવામાં આવી જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, રાજા ભોજ દક્ષિણ ભાગ પર પંચાવન વર્ષ સાત મહીના અને ત્રણ દીવસ રાજ કરશે. આ જન્મ પત્રિકાને જોઈ વાકપતિ મુંજે ભોજનું વધ કરવાની આજ્ઞા આપી હતી. કેમ કે ભોજ ગાદીએ આવે તો પોતાનો પુત્ર ગાદી વિહોણો થાય. રાજ આજ્ઞાથી અધિકારીઓ ભોજને નિશ્ચિત જગ્યાએ લઈ જાય છે પણ વધ કરતા નથી, અને રાજાને એક પ્રાર્થના પત્ર લખે છે કે.[22]

''સતયુગનો અલંકાર એવો રાજા માન્ધાતા ચાલ્યો ગયો. રાવણના શત્રુ ભગવાન રામચંદ્ર કયાં. જેમણે મહાસાગર પર પુલ બાંધ્યો હતો. અને તમારા સમય સુધીમાં યુધિષ્ઠીર વગેરે અનેક રાજાઓ થઈ ગયા એ કયાં છે ? આ તમામ મહાન વ્યકિતઓ દુનિયા છોડીને ચાલી ગઈ પણ આ પૃથ્વી અહિંયા જ છે. કોઈની પણ સાથે ગઈ નથી.પણ હું એવું માનું છુ કે, આપની સાથે તો જવી જ જોઈએ.''

આજ બાબતનું આઈને અકબરીમાં પણ વર્ણન કરવામાં આવેલું જોવા મળ છે. તેમાં વર્ણવામાં આવ્યું છે કે, રાજા ભોજની જન્મ પત્રિ અશુધ્ધ હોવાના કારણે તેમના સ્વજનોએ તેનો ત્યાગ કર્યો હતો. પરંતુ તમામ ને પોતાની ભુલ સમજાઈ અને બાળકને તરત જ અપનાવી લીધો હતો. મહાન રાજા ભોજના અત્યાર સુધીનામાં (છ) ૬ અભિલેખો પ્રાપ્ત થયેલો જોવા મળે છે.[23]

જયારે રાજા ભોજ જીવિત હતા ત્યારે કહેવાતું કે,

---

दुराद अपि विभ्र - अश्यन मद - गंध - भग्न करभी : श्री - सिंधुराजल तथा नष्ट : क्षोणी - पतिर यथास्य यशसां गन्धो पिनिर्नाशित : | વડનગર પ્રશસ્તિ, પૃષ્ઠ ૨૬૭

[20] જયસિંહ પોતાના કુમારપાળ ચરીત્રમાં વર્ણન કરતાં જણાવે છે કે, સિંધુરાજ એ ચામુંડરાજ સાથેના યુધ્ધમાં માર્યો ગયો હતો.

राजा चामुंडराजोड़थ य : सिंधुराजम इबोमन सिंधुराजममुधेड़वधीत |

પરંતું વડનગર પ્રશસ્તિમાં ઉપરોકત બાબતને મિથ્યા સાબિત કરે છે. પણ મારા મનાવાના મતે સિંધુરાજ યુધ્ધમાં માર્યો ગયો હોવો જોઈએ. કેમ કે કુમારપાળ ચરીત્ર સોલંકી (ચૌલુકય) વંશના સિધ્ધરાજ જયસિંહના કહેવાથી જ રચવામાં આવેલ હતું. તેથી કુમારપાળ ચરિત્રની બાબતને સાચી માનવી વછધારે યોગ્ય છે.

[21] પ્ર.ચિ. પૃષ્ઠ–૨૨

[22] એંજન પૃ–૨૨

[23] પ.રા.ઈ., પૃષ્ઠ ૬૦–૬૫

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

अद्य धारा सदाधारा सदालम्बा सरस्वती।
पण्डिता मण्डिताः सर्वे भोजराजे भुवि स्थिते॥

અથાર્ત : આજે જયારે રાજા ભોજ આ ધરરતી પર છે. તો ધારાનગરીનો આધાર કંઈક જોવા મળે છે. અને રાજા ભોજના દરબારમાં પંડીતો તેમજ વિદ્વાનોનો આદર થાય છે.

જયારે રાજા ભોજનું મૃત્યુ થયું ત્યારે કહેવાયું કે,

अद्य धारा निराधारा निरालंबा सरस्वती।
पण्डिताः खण्डिताः सर्वे भोजराजे दिवं गते ॥

અથાર્ત : આજે જયારે રાજા ભોજનું મૃત્યુ થયું છે ત્યારે ધારાનગરી અનાથ થઈ ગઈ છે. મા સરસ્વતીના આરાધકોનો આશ્રય ખોવાઈ ગયો છે. અને તમામ પંડીતો તેમજ વિદ્વાનો આ ધરા પર ખંડીત થઈ ગયા છે.

રાજા ભોજ પરમાર વંશના નવમાં રાજા હતા.[24] પરમાર રાજ વંશે આઠમી સદીથી ચૌદમી સદી સુધીના પૂવાર્ધમાં રાજ કર્યાના ઐતિહાસિક પુરાવાઓ મળે છે. રાજા ભોજે અનેક યુધ્ધ કર્યા અને પરમાર વંશી કીર્તિમાં આગવું સ્થાન હાંસલ કર્યુ. એમણે માળવામાં અનેક મંદિર બનાવ્યા હોવાનું જાણવા મળે છે.

રાજા ભોજ સ્વયં જ એક વિદ્વાન તો હતા જ પણ કહેવાય છે કે, એમણે ધર્મ, ભૂગોળ વિદ્યા, કળા, કોષ રચના, ભવન નિર્માણ, કાવ્ય, ઔષધી શાસ્ત્ર, ઈત્યાદિ વિષયો પર પુસ્તકો લખેલ છે જે અત્યારે પણ જોવા મળે છે. રાજા ભોજના સમયમાં (ઈ.સ. ૧૦૦૦ થી ૧૦૫૫) વિદ્વાન અને પંડીતોનો આશ્રય દાતા હતો. અને એમના માટે એક કહાવત પણ પ્રચલિત થઈ છે કે, कहाँ राजा भोज कहाँ गंगू तैली રાજા ભોજે હર એક વિષયમાં ગ્રંથ લખ્યા જેમાં ૮૪ જેટલા ગ્રંથોનો સમાવેશ થાય છે.

**બાંસવાડાથી મળેલ અભિલેખ :** અભિલેખમાં કોંકણના વિજય બાદ વાર્ષિક ઉત્સવ મનાવાય છે. ત્યારે એક બ્રાહમણને આપેલ ભૂમિ દાનનું વર્ણન કરેલું જોવા મળે છે. જે સંવત ૧૦૭૬ અને ૩ જાન્યુઆરી ૧૦૨૦માં પ્રકાશીત થયેલ છે.

**બેતમાનાં અભિલેખ :** સંવત ૧૦૭૬ અને ઈ.સ. ૧૦૨૦ના આ અભિલેખમાં ભોજ રાજાના કર્મચારીઓ, બ્રાહ્મણો અને અન્ય ગ્રમાજનોની માહિતી અંકીત કરવામાં આવી છે. રાજા ભોજ દ્વારા પોતાના માતા–પિતાની પુણ્યતિથિએ તથા કોંકણના વિજયના ઉલ્લાસમાં દાન આપવાનો ઉલ્લેખ જોવા છે.

**ઉજ્જૈન અભિલેખ :** સંવત ૧૦૭૯ ઈ.સ. ૧૦૨૧ના આ અભિલેખમાં પરમાર રાજા ભોજે ઉત્પ્રવાસી ઋગ્વેદી બ્રાહ્મણના પુત્ર ધનપતિને વીરાણાકે ગામને દાન આપ્યાનો ઉલ્લેખ જોવા મળે છે.

**સરસ્વતી પ્રતિમાનો અભિલેખ :** સંવત ૧૦૧૧નો આ અભિલેખ બ્રિટીશ મ્યુઝીયમમાં છે. તેમજ આ અભિલેખ સરસ્વતી માતાની પથ્થરની પ્રતિમા પર અંકીત થયેલ છે. જેમાં સંવત ૧૦૯૧માં રાજા ભોજ માતા સરસ્વતીની પ્રતિમાનું નિર્માણ શિલ્પકાર સીહરના પુત્ર મન્થળ દ્વારા કરાવ્યાનો ઉલ્લેખ મળી આવે છે.

---

[24] *ऐतहासिक स्थानावली*, પૃષ્ઠ ૩૧૯

**તિલકવાડાના તામ્રપત્ર :** સંવત ૧૧૦૩ના આ તામ્રપત્રમાં ઘન્ટેશ્વર મંદિરના ખર્ચા અને નિર્માણ હેતું વિલુહજ અને ઘન્ટીપલ્લી ગામની ભૂમિને દાનમાં આપી હતી. આ જમીન રાજા ભોજના રાજપાલ જશોરાજે આપી હતી. તે ઉલ્લેખનું આલેખન યેલ જોવા મળે છે.

**કલ્લવન અભિલેખ :** આ અભિલેખમાં સૂર્ય ગ્રહણના સમયે રાજા ભોજે ઈ.સ.૧૦૧૯–૨૦ આસપાસ કોંકણ રાજય પર વિજય પ્રાપ્ત કર્યો હતો. તથા છ નગરો વિશેની માહિતી અંકીત કરવામાં આવેલ છે. સદર અભિલેખ મહારાષ્ટ્રના  નાસિક શહેરમાંથી મળી આવેલ છે.

ઉપરોકત દર્શાવેલ અભિલેખોમાં રાજાભોજ વિશેની માહિતીઓ ઉપલ્બધ છે. તમામ અભિલેખોનો વિસ્તૃતમાં વર્ણન કરવામાં આવેલ નથી માત્ર ટૂંકમાં વિગતોનું વર્ણન કરવામાં આવેલ છે. આ માહિતી પરમાર રાજવંશ કા ઈતિહાસ પુસ્તકમાંથી રજુ કરવામાં આવેલી છે.

**ઈન્દ્રરથ સાથે યુધ્ધ :** ઉદયપુર પ્રશસ્તિમાં જણાવ્યા અનુસાર જયારે ભોજ રાજા સોલંકી જયસિંહ સાથે યુધ્ધ કરી રહયો હતો એ જ સમયે ઈન્દ્રરથ નામના રાજકુમાર સાથે યુધ્ધ થાય છે અને ઈન્દ્રરથ પર રાજા ભોજની નિર્ણાયક વિજય થાય છે.

**લાટ સાથે યુધ્ધ :** ઈન્દ્રરથ અને જયસિંહ સાથે થયેલા યુધ્ધોના સિવાય લાટ પ્રદેશ પર યુધ્ધ કર્યુ અને આ વિશાળ પ્રદેશનું આધિપત્ય હાસલ કરી નાખ્યું હતું. રાજા ભોજની શકિતશાળી સેનાએ અનેક રાજયો પર પોતાની જીત હાંસલ કરી હતી.

**મુસ્લીમો સાથે યુધ્ધ :** જયારે રાજા ભોજ શાસન પર આવ્યા એ જ સમયે મહમદ ગઝનીએ ભારત વિરૂધ્ધની ગતિ વિધીઓ શરૂ કરી હતી. આ સમયે મહમદ ગઝનીએ આનંદપાલ સાથે યુધ્ધ કરવાની તૈયારીઓ કરી અને પરમારોએ આનંદપાલ માટે મુશ્કેલીમાંથી  પાર પાડવા સહાયક બની યુધ્ધ કર્યુ હોવાના પુરાઓ મળી આવે છે. આમ મુસ્લીમ સાથે પણ યુધ્ધ થયું હોવાની બાબતો ઈતિહાસના પન્નાઓમાં કયાંક જોવા મળે છે.

આમ, રાજા ભોજનું ઐતિહાસીક અવલોકન કરવાથી જાણવા મળે છે કે, એ લોકોના પરમ પ્રિય સમ્રાટ હતો. એણે ભારતના હર એક ખુણાને પોતાની સીમામાં સમાવવાનો પ્રયત્ન કરેલ હતો. જીવનમાં અત્યંત મુશ્કેલીઓનો સામનો કરી પરમાર રાજવંશને આગવી દિશા આપી અને ધારા નગરીને રાજધાની બનાવી હતી.

## પરમાર રાજવંશનું પતન

ગુજરાતમાં ચોલુકય આધિપત્યનો અંત કુમારપાળની મુત્યુ થી જ ઈ.સ.૧૧૭૨માં થયો. તેના ઉતરાધિકારી અજયપાળમાં રાજયના વહિવટનું  જ્ઞાન ન  હતું. અજયપાળના અત્યાચારોએ જ પતનની શરૂઆત કરી હતી. ચાર વર્ષના ટુંકા શાસનમાં ઈ.સ.૧૧૭૬માં પ્રતિહારો સામેના યુધ્ધમાં અજયપાળ માર્યો ગયો.[25] ઈ.સ. ૧૧૭૩ થી ૧૧૭૭ના વચ્ચેના સમયમાં હરસેલોએ માળવા પર લૂંટ–માર કર્યાના પુરાવાઓ મળી રહે છે. ઈ.સ.૧૧૬૨ના બલગમિ પ્રસ્તર લેખ અનુસાર હરસલોએ માળવા પર એટલી તેજીથી આક્રમણ કર્યુ કે માળવાનો નાશ કર્યો હતો.

ગુજરાતના ચોલુકયો સાથેના યુધ્ધમાં અર્જુનવર્મન અને જયસિંહના આ યુધ્ધમાં પરમારોની (માળવાના પરમાર) હાર થાય છે. અને અંતે બંને રાજાઓ વચ્ચે સંધી થાય છે.આ જ સમયે યાદવોએ દક્ષિણથી માળવા પર આક્રમણ કર્યુ અને આમા યાદવોની વિજય

[25] પ્ર.ચિ. પૃષ્ઠ ૧૬૪

થાય છે. આમ હવે, પરમારોની પડતી આવવા લાગી હતી. અંદરો– અંદરના યુધ્ધોનો અંત તો આવ્યો જ ન હતો. ત્યારે મુસ્લીમ આક્રમણોએ વેગ હાથ ધર્યો હતો.

આ સમયે દેવપાલ ગુજરાતના સામ્રાજયને નષ્ટ કરવામાં વ્યસ્ત હતો. એ સમયે માળવા ના ઉતરી– પૂર્વી સીમા પર મુસ્લીમોએ રણનાદ કર્યો અને માળવાના આ ભાગ પર આધિપત્ય હાંસલ કર્યુ હતું. આ તમામ મુશ્કેલીઓ તો પુરી થઈ પણ ન હતી. અને વિરધવનના પુત્ર વિસલદેવે ઈ.સ.૧૨૪૩માં ગાદીએ આવ્યો અને માળવા પર આક્રમણ કર્યુ હતું. ડભોઈ ઉત્કીર્ણ લેખ અનુસાર માળવા અને દક્ષિણના શાસકો ને પરાસ્ત કરી વીસલદેવે સિધ્ધિ હાસલ કરી હતી.

આમ, વારંવાર આજુ બાજુના પાડોશી રાજાઓ સાથે થયેલા યુધ્ધોના પરિણામે પરમાર વંશનું સામ્રાજય નષ્ટ થઈ જાય છે. પરમાર વંશે ભારતના ઈતિહાસમાં અત્યંત મહત્વની ભૂમિકા ભજવેલી જોવા મળે છે.

## સંદર્ભસૂચી


1. "नवसाहसांकचरित" પદ્મ ગુપ્ત પરીમલ કૃત, પં.વામન શાસ્ત્રી વ્દારા સંપાદીત, મુંબઇ સંસ્કૃતિ, લાઇન ૬૩ થી ૧૬૬૩
2. "प्रबन्ध चिंतमानी" -આચાર્ય મેરૂતુંગ કૃત, પં. હજારીપ્રસાદ દ્વિવેદી (હિન્દી ભાષાંતર) સિંધી અને જૈન ગ્રંથમાળા-અમદાવાદ કલકત્તા, ઇ.સ. ૧૯૪૦
3. "પ્રબંધ ચિંતામણી"-આચાર્ય મેરૂતુંગ કૃત, રા.રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી (ગુજરાતી ભાષાંતર) પ્રકાશક : શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ. પ્રથમ આવૃતિપ ઇ.સ. ૧૯૪૩
4. "परमार राजवंश का इतिहास" - ડૉ.ડી.સી.ગાંગુલી,(અનુવાદકઃપં.લક્ષ્મીકાન્ત માલવીય) પ્રકાશન કેન્દ્ર, લખનઉ, બીજી આવૃતિ-૨૦૧૩, ISBN NO. : 978-93-85593-41-3
5. "राजपूत वंशावली" - ઠા.ઇશ્વરસિંહ મડાઢ, રાજસ્થાની ગ્રંથાગાર, જોધપુર, પંદમી આવૃતિ-૨૦૧૩, ISBN NO. : 81-86103-27-9
6. "परमार वंश दर्पण" सिंढायच दयालदास कृत- ડૉ.દશરથ શર્મા, રાજસ્થાની ગ્રંથાગાર-જોધપુર, બીજી આવૃતિ-૨૦૧૫, ISBN NO. : 978-93-84168-60-5
7. ऐतहासिक स्थानावली, विजयेन्द्र कुमार माथुर, राजस्थान हिंदी ग्रंथ अकादमी, जयपुर, 1999